THE RITUAL

OF THE

Methodist Episcopal Church,

IN GUJARATI

મે. ઈ. મંડળીની સંસ્કાર આપવાનો રીત

તથા ધર્મની બીજી ક્રિયાઓ.

NOTE

This is a tentative edition only. Those using it are requested to make notes of corrections, etc. needed and inform the Book Editor, Rev. E. F. Frease, Baroda.

Bombay:

PRINTED AT THE M. E. PUBLISHING HOUSE

1898.

૬૩૫

પ્રભુભોજન આપવાની રીત.

સભાના લોક ઉભા રહીને વડીલ પછીનું નોતરૂં દેશે કેઃ

જો કોઇ પાપ કરે તો બાપની પાસે આપણો મધ્યસ્થછે, એટલે ઇશુ ખ્રિસ્ત જે ન્યાયી છે તે. અને તે આપણાં પાપ વિષે પ્રાયશ્ચિત છે, ને કેવળ આપણાં વિષે નહિ પણ આખા જગત વિષે તે પ્રાયશ્ચિત છે.

એજ માટે તમે, જેઓ ખરાપણા તથા આતુરતાથી પોતાનાં પાપોનો પસ્તાવો કરોછો, અને પોતાના પાડોશિઓની સાથે પ્યાર ને પ્રેમમાં રહોછો અને દેવની આજ્ઞાઓ માનતાં ને હમણાંથી તેના પવિત્ર માર્ગોમાં ચાલતાં, નવી જીંદગી કાઢવાનો મનસુબો કરોછો, તમે વિશ્વાસથી પાસે આવો અને આ પવિત્ર સંસ્કાર પોતાના દિલાસાને માટે લ્યો; અને ખરા મનથી ઘુંટણે ટેકીને સર્વ શકિતવાન પરમેશ્વરની આગળ પોત પોતાની નમ્ર કબુલાત કરો.

ત્યારે જે પ્રભુ ભોજન લેવા ચાહે તે બધાને નામે અધ્યક્ષ નીચે લખેલી કબુલાત કરે, તે તથા સર્વ લોક ઘુંટણે ટેકીને કહેશે કેઃ

સર્વ શકિતવાન દેવ અમારા પ્રભુ ઇશુ ખ્રિસ્તના બાપ, સર્વના ઉત્તપન કરનાર, અમે અમારા ઘણા પાપો તથા અપરાધો જે અમે વખતે વખતે વિચાર, શબ્દ તથા કામથી તારા ઇશ્વરી મહિમાની વિરૂધ્ધ કર્યા છે, અને જે જે તારો પુરો વ્યાજબી ક્રોધ અમારાપર ચડાવ્યો છે, તે બધાં અમે કબુલ કરીએછીએ. અને તેથી બહુ દિલ-

ગીર છીએ. અમારાં આ ખરાબ કામોને લીધે અમે ખરા મનથી પસ્તાવો તથા શોક કરીએ છીએ; તેના સ્મરણથી અમને બહુ દુખઃ લાગેછે. અતિ દયાલુ બાપ, અમારાપર દયા કર; અમારાપર દયા કર; તારા દીકરા અમારા પ્રભુ ઇશૂ ખ્રિસ્તને લીધે અમારાં બધાં પાછલાં પાપો માફ કર. અને એવું કર કે અમે હમણાંથી સદા સુધી નવા જીવનમાં તારી સેવા કરીએ ને તને રાજી કરીએ એ માટે કે તારા નામને માન તથા મહિમા થાય. ઇસુ ખ્રિસ્ત અમારા પ્રભુની મારફતે આમેન.

ત્યારે વડીલ કહેશે કેઃ

સર્વશકિતવાન ઇશ્વિર, અમારા આકાશમાંના બાપ, તેં તારી અપાર કૃપાથી વચન આપ્યું છે કે, જે કોઈ ખરા અંતઃકરણનો પશ્ચાતાપ તથા સાચા વિશ્વાસથી તારી તરફ ફરે છે, તે બધાં માફી પામેછે; અમારાપર દયા કર; અમારાં બધાં પાપોને માફ કર ને તેઓથી અમને બચાવ; સર્વ સારાપણામાં અમને દૃઢ તથા બળવંત કર અને અમને અનંત જીવનમાં પહોંચાડ, અમારા પ્રભુ ઇસુ ખ્રિસ્તની મારફતે આમેન.

સર્વમય પ્રાર્થનાઃ

સર્વ શકિતવાન દેવ જેની આગળ સઘળાં મન ઉઘાડા ને જેને સઘળી ઇચ્છાઓ જણાયેલી છે, અને જેનાથી કંઈ ગુપ્ત વાત સંતાડેલી નથી; તું આમારા અંતઃકરણના વિચાર પવિત્રઆત્માની પ્રેરણાથી શુધ્ધ કર, એ માટે કે અમે સંપૂર્ણ પ્રીતિ તારાપર રાખીએ અને તારા પવિત્ર નામને લાયક વખાણ દઈએ, અમારા પ્રભુ ઇશુ ખ્રિસ્તની મારફતે. આમેન.

ત્યારે વડીલ કહેશે કેઃ

દયાલુ ઇશ્વર, અમે પોતાના ન્યાયીપણાપર ભરોસો રાખીને તારી આ મેજની પાસે આવીએ છીએ એમ તો નહિ. પણ તારી અપાર તથા મોટી દયાપર ભરોસો રાખીને આવીએછીએ; જે ઝીણા કકડા તારા મેજ પરથી પડેછે તે અમે એકઠા કરી લેવાને માટે પણ યોગ્ય નથી. પણ તું એકનો એક દેવ છે જેનો ગુણ સદા દયા કરવાનો છે. માટે કૃપાળુ પરમેશ્વર, એવું કર કે, અમે એવી રીતે તારા પ્રિય પુત્ર ઇસુ ખ્રિસ્તનું શરિર ખાઇએ ને તેનું લોહી પીએ કે અમે તેથી જીવીએ તથા વૃધ્દિ પામીએ, અને તેના અતિ અમુલ્ય લોહીથી ધોઇને અમે તેમાં તથા તે અમારામાં સર્વકાળ સુધી રહે. આમેન.

ત્યારે વડીલ નિચે લખેલી પવિત્ર કરવાની પ્રાર્થના કરશેઃ

સર્વ શક્તિવાન પરમેશ્વર, અમારા સ્વર્ગવાસી બાપ, તેં પોતાની કોમળ દયાથી અમારા તારણને માટે પોતાના એકના એક પુત્ર ઇસુ ખ્રિસ્તને વધસ્તંભપર મરણ ભોગવવાને સારૂ આપ્યો; અને તેણે ત્યાં પોતાના એકવેળા કીધેલા અર્પણથી, આખી દુનિયાના પાપોને માટે પુર્ણ, પરિપુર્ણ તથા કમી વગરનું યજ્ઞ, પ્રાયશ્ચિત તથા બદલો કીધાં; અને તેણે પોતાના અમુલ્ય મરણની હમેશાની યાદગીરી સ્થાપન કરીને પોતાની પવિત્ર સુવાર્ત્તામાં આ આજ્ઞા આપી છે કે તેના ફરીથી આપવા સુધી હમેશા તમે તે પાળ્યા કરો. માટે હે દયાળુ બાપ, અમારૂં સાંભળ અને એવું કર કે, અમે તારી સૃજેલી વસ્તુઓમાંના આ રોટલી તથા દ્રાક્ષરસ તારા પુત્ર અમારા ત્રાતા ઇસુ ખ્રિસ્તની પવિત્ર સ્થાપના પ્રમાણે, તેના મરણ તથા વેદનાના સ્મરણમાં લઇને તેના અતિ આશિર્વાદીત શરીર તથા લોહીના ભાગીઆ થઇએ.

તેણે જે રાતમાં તે પરસ્વાધિન કરાયો તેજ રાત્રે રોટલી લીધી;

હ્યાં વડીલ પોતાના હાથમાં રોટલી લે.

અને સ્તુતિ કરીને તે ભાંગી અને પોતાના શિષ્યોને આપતાં કહ્યુ કે લો ખાઓ, એ મારૂં શરીર છે જે તમારે સારૂ અપાએલું છે; મારી યાદગીરીને સારૂ એ કરો.

એજ રાત્રે ભોજન કર્યા પછી તેણે વાટકો લીધો અને સ્તુતિ

હ્યાં વડીલ પોતાના હાથમાં વાટકો લે.

કરીને તેઓને આપતાં કહ્યુ કે, તમે સહુ એમાંથી પીઓ, કેમકે એ નવા કરારનું મારૂં લોહી છે, જે પાપોના નિવારણ થવાને માટે તમારે તથા ઘણાને લીધે વહેવડાએલું છે; તમે જેટલી વાર એ પીઓછો તેટલીવાર મારી યાદગીરીને સારૂ એ કરો. આમેન.

ત્યાર પછી વડીલ પ્રભુ ભોજન લઈને જે કોઈ બીજા ઉપદેશકો, જો હાજર હોય; તેઓને પ્રભુ ભોજન આપે અને ત્યાર પછી તે કહેશે કેઃ

હે પ્રભુ, પવિત્ર બાપ, સર્વ શક્તિવાન સનાતન દેવ, અમે સર્વ વખતે તથા સર્વ જગ્યાએ તારી સ્તુતિ કરીએ, એ અમારી લાયક, ઘટિત તથા અગત્યની ફરજ છે. તે માટે દુતો ને પ્રમુખ્ય દુતોની સાથે, તથા આકાશી આખી સભાની સાથે અમે સર્વકાળ સુધી તારી સ્તુતિ કરતાં અને પવિત્ર, પવિત્ર, પવિત્ર, સૈન્યોનો પ્રભુ, આકાશ તથા પૃથવી તારા મહિમાથી ભરેલી છે, એમ કહેતાં તારૂં મહિમાવંત નામ સ્તવીએ તથા મોટું માનીએ, પરાત્પર, તને મહિમા થાઓ. આમેન.

ત્યાર પછી લોક ઘુટણે પડે અને વડીલ તેઓના ઉઘાડા હાથમાં એક પછી એકને રોટલી આપતાં તે કહેશે કેઃ

આપણા પ્રભુ ઇશુ ખ્રિસ્તનું શરીર જે તારે સારૂ અપાએલું હતું, તે તારા આત્મા તથા શરીર સનાતન જીવન સુધી સાચવી રાખે.

ખ્રિસ્ત તારે વાસ્તે મુઓ, તેની યાદગીરીમાં આ લે અને ખા અને ઉ-પકાર માનીને વિશ્વાસથી તારા અતઃકરણમાં ઉપકાર સ્તુતીની સાથે તેનું હમેશા સ્મરણ કર.

અને જે વડીલ વાટકો આપે તે કહેશે કેઃ

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું લોહી જે તારે સારૂ વહેવડાએલું હતું તે તારા આત્મા તથા શરીરને સનાતન જીવન સુધી સાચવી રાખે. ખ્રિસ્તનું લોહી તારે સારૂ વહેવડાએલું હતું તેની યાદગીરીમાં આ પી અને આભાર માન.

ત્યાર પછી વડીલ પ્રભુની પ્રાર્થના કરે અને લોકો ઘુંટણે પ-ડીને તેની પાછળ હરેક વિનંતિ બોલશે કેઃ

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ તારૂં રાજ્ય આવો જેમ આકાશમાં તેમ પૃથવી પર તારી ઇચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ અને જેમ અમે અમારા ઋણીઓને માફ કરીએ છીએ તેમ તુ અમારાં ઋણ અમને માફ કર, અને અમને પરિક્ષણમાં ન લાવ પણ ભુંડાઇથી અમારો છુટકો કર કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. અમેન.

ત્યાર પછી જો અનુંકુળ પડે તો વડીલ પોતાની મરજી પ્રમા-ણેની પ્રાર્થના કરે અને પછી નીચેનો આશીર્વાદ દઈ લોકોને વિદાય કરેઃ

દેવની શાંતિ જે સર્વ સમજણ કરતાં અધિક છે તે તમારાં અં-તઃકરણો તથા મનોને દેવના જ્ઞાન તથા પ્રિતિમાં ને તેના દિકરા પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં રાખો; અને સર્વ શકિતવાન દેવ બાપ દિકરો તથા પવિત્ર-આત્માનો આશીર્વાદ તમારામાં થાઓ અને તમારી સાથે સદા રહો આમેન.

જો વડીલને નિયમસર ભોજન આપવાને વખત ઓછો હોય તો તે નોતરૂં, કબુલાત, અને પવિત્ર કરવાની પ્રાર્થના સિવાય સેવાનો કોઈ પણ ભાગ પડતો કરે; અને માંદાને આપતાં કબુલાત પવિત્ર કરવાની પ્રાર્થના અને રોટલી તથા દ્રાક્ષારસ આપતી વખતે નિયમ પ્રમાણેનાં વાકયો સિવાય સેવાનો કોઈ પણ ભાગ પડતો કરે, અને પ્રભુની પ્રાર્થના, પોતાની મરજી પ્રમાણેની પ્રાર્થના તથા અશિર્વાદથી તે પૂર્ણ કરેઃ

બધાએ પ્રભુ ભોજન કર્યા પહેલાં જો રોટલી અથવા દ્રાક્ષરસ થઈ રહે તો વડીલ પવિત્ર કરવાની પ્રાર્થના ફરીથી કરીને વધારે રોટલી કે દ્રાક્ષરસ પવિત્ર કરશે.

જ્યારે પ્રભુ ભોજન કરી રહે ત્યારે વડીલ પવિત્ર કરેલી ચીજોમાંથી જે બાકી રહે તે મેજ પર મુકીને સાફ લુગડાં નિચે ઢાંકશે

નાના બાળકોનું બાપ્તિસ્મા. કરવાની રીત.

સ્વચ્છ પાણીથી ભરેલા વાસણ પાસે આવીને ઉપદેશક નિચે પ્રમાણે કહેશેઃ

ઓ વહાલાઓ, સર્વ માણસ પાપમાં ગર્ભ ધરાએલા તથા જન્મેલા, અને આપણો તારનાર ખ્રિસ્ત કહે છે કે, " જો માણસ પાણીથી તથા આત્માથી જન્મ્યું ન હોય, તો દેવના રાજ્યમાં તે જઈ શકતું નથી. " એ કારણ માટે હું તમારી વિનંતિ કરૂંછું કે તમે પ્રભુ ઇસુ ખ્રિસ્તની મારફતે પરમેશ્વર બાપની પ્રાર્થના કરો કે, " તું તારી ઉદાર કૃપાને લીધે, તારા દીકરાના લોહીથી આ બાળકોનો ઉધ્ધાર કરીને એમ કર કે એનુ પાણીથી બાપ્તિસ્મા થઇને પવિત્ર આત્માથી પણ થાય, ને ખ્રિસ્તની પવિત્ર મંડળીમાં દાખલ થાય, અને તેનો જીવતો સભાસદ થાય.

પછી ઉપદેશક કહેશે કેઃ

આપણે પ્રાર્થના કરીએ.

સર્વ શક્તિવાન તથા અનાદી પરમેશ્વર તું મહેરબાની કરીને તારી અપાર કૃપાથી માણસ સાથે કરારના સંબંધમાં આવ્યો છે, જેથી તેં બાળકોને કરારના કૃપાળુ લાભના ભાગ લેનારાં ગણ્યાં છે, અને તું જણાવેછે કે તારૂં રાજ્ય એવાઓનુંજ છે. વળી પુરાતન મંડળીમાં તેં પવિત્ર આત્માથી જે પુઃનર્જન્મ થાય છે તે બતાવવાને માટે જૂદા જૂદા પ્રકારનાં બાપ્તિસ્માઓ ઠરાવ્યાં ને તારો વહાલો દીકરો ઇશુ ખ્રિસ્ત વડે તેં તારા પ્રેરિતોને હુકમ આપ્યો કે, "તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો, બાપ, તથા દીકરો તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતાં જાઓ" એ કારણ માટે અમે તારી વિનંતિ કરીએ છીએ કે તારી અપાર કૃપાથી આ બાળક ઉપર નજર કર; અને એને ધોઇને પવિત્ર કર, એ માટે કે તે તારી કૃપાથી તારણ પામીને ખ્રિસ્તની પવિત્ર મંડળીમાં દાખલ થાય, અને વિશ્વાસમાં દૃઢ, આશાને લીધે આનંદી, તથા ખ્રિસ્તમાં જડ ઘાલેલા છતાં તેને આ દુનિયાનાં દુઃખપર એવી રીતે જય મળે કે અંતે તે સર્વકાળનું જીવન પામે, અને તારી સાથે અનંત કાળ સુધી રાજ્ય કરે. અમારા ઇશુ ખ્રિસ્તને લીધે, આમેન.

હે દયાળુ ઇશ્વર તું એવું કર કે સર્વ દૈહિક ગુણ આ બાળક**માંથી મરી** જાય અને સર્વ પવિત્ર આત્માની વાતો તેમાં જીવીને વૃદ્ધિ થાય. આમેન.

તું પણ એવું કર કે શેતાન તથા દુનિયા તથા દૈહિક ભાવની સામા વિજય તથા જીત પામવાને સારૂ તેને શક્તિ તથા બળ મળે, આમેન.

હે સ્તુતિકારક પ્રભુ પરમેશ્વર, જે હમેશા જીવેછે અને સર્વપર અધિકાર કરેછે તારી દયાથી તું એવું કર કે જે કોઈ અમારાં હોદ્દા

તથા સેવાથી તને અર્પણ થાયછે, તેઓ આકાશી ગુણ ને સદાકાળનો લાભ પામે, આમેન.

હે સર્વ શક્તિવાન તથા સદા જીવતા પરમેશ્વર, જેના વહાલા દીકરા ઇસુ ખ્રિસ્તે પોતાના મહા મુલ્યવાન કુખથી પાણી તથા લોહી અમારાં પાપની માફી થાય માટે વહેવડાવ્યું; તું અમારી પ્રાર્થના સાંભળીને અમારી વિનંતિ કબુલ કર. આ પવિત્ર સંસકારને માટે આ પાણી પવિત્ર કર; અને એવું કર કે આ બાળક જેનું બાપ્તિસ્મા હમણાં થવાનું છે તે તારી કૃપાની સંપૂરણતા પામે, અને હમેશા તારા વિશ્વાસૂ અને પસંદ કરેલા દીકરાની સંખ્યામાં રહે; અમારા પ્રભુ ઇશુ ખ્રિસ્તને લીધે. આમેન.

પછી ઉપદેશક માબાપ અથવા વાલીઓને
નિચે પ્રમાણે કહેશે કેઃ

ઓ વહાલાઓ, તમે આ બાળકને બાપ્તિસ્મા આપવા માટે અહીંયાં લઈ આવ્યા છો; એ કારણ માટે તમારે યાદ રાખવી જોઇએ કે તમારૂં કામ ને ફરજ એ છે કે જ્યારે આ બાળક ભણવાની શક્તિ પામે ત્યારે તેને આ પવિત્ર સંસ્કારનો મતલબ તથા ભાવાર્થ શિખવવો. અને તે આ વાતો વધારે પૂરી રીતે જાણે માટે તમે તેને ફરમાવશો કે તે ઠરાવેલાં કૃપાદાનનાં સાધનો માન ભરેલા મનથી તેમાં શામીલ થાય, જેમકે પવિત્ર શાસ્ત્રનો ઉપદેશ ને દેવની જાહેર તથા ખાનગી સેવા વળી તે નિતી તથા પવિત્ર જીંદગીના દહાડા કહાડવાને માટે ઉછેરવામાં આવશે, તેથી તમે એવી કોશીશ કરશો કે તે પવિત્ર શાસ્ત્ર વાંચશે, ને પ્રભુની પ્રાર્થના, દશ આજ્ઞાઓ, પ્રેરિતોનાં મતનું કાનુન, તથા પ્રશ્નોતરાવળી શીખશે. અને બીજાં બધાં વાના જે ખ્રિસ્તીઓએ પોતાના આત્માના કલ્યાંણને અર્થે જાણવા તથા માનવા

જોઇએ, આ કારણ માટે કે તે પવિત્ર અને સદગુણી જીંદગી ગાળવા શીખે. યાદ રાખવી જોઇએ કે જે અંદરની શુધ્દતા આપણને આપણા તારનાર ખ્રિસ્તના પગલામાં ચાલવાની ઇચ્છા આપેછે તે શુધ્દતાની નિશાણી બાપ્તિસ્મા છે; એટલા માટે કે જેમ તે આપણે વાસ્તે મરી ગયો તથા પાછો ઉઠયો તેમજ આપણે જેટલાં બાપ્તિસ્મા પામેલાંછીએ, પાપ સંબંધી મરી જવું ને ન્યાયકરણ માટે ફરી ઉઠવું, ને હમેશાં દુષ્ટ ઇચ્છાઓ મારવી અને દિન પ્રતિ દિન સદગુણી તથા ધર્મીષ્ટપણાંમાં વધતા જવું.

શું તમે ગંભીરતાથી વચન આપોછો કે પરમેશ્વરની મદદથી તમે તમારી શકિત પ્રમાણે આ ફરજને પુરી કરશો ?

જવાબ— હા; હું વચન આપુંછું.

પછી લોકો ઉભા રહેશે અને ઉપદેશક કહેશે કેઃ

માર્કની સુવાર્ત્તામાં લખેલી વાત સાંભળો. **[૧૦. ૧૩–૧૬.]**

અને તેઓ તેની પાસે બાળકો લાવ્યા કે તે તેઓને અડકે; ને શિષ્યોએ લાવનારાઓને ધમકાવ્યા, પણ ઇશુ તે જોઇને નાખુશ થયો; ને તેઓને કહ્યુ. બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને મના ન કરો; કાંજે દેવનું રાજ્ય એવાઓનું છે. હું તમને ખચીત કહુંછું કે જે કોઇ બાળકોની માફક દેવનું રાજ્ય કબુલ નહિ કરશે, તે એમાં પ્રવેશ કરશેજ નહિ. ને તેણે તેઓને બાથમાં લીધાં, ને તેઓપર હાથ મૂકીને તેઓને આશિર્વાદ દીધો.

પછી ઉપદેશક બાળકને પોતાના હાથમાં લઈને તેનાં માબાપ અથવા વાલીઓને કહેશે કેઃ

આ બાળકનું નામ પાડો.

પછી ઉપદેશક તેઓના બોલ્યા પછી બાળકનું નામ પાડીને તેના પર પાણી છાંટશે અથવા રેડશે અથવા જો માબાપ કે વાલીઓની ઈચ્છા હોય તો તેને પાણીમાં બોળશે અને કહેશેઃ

બાપ, દીકરો તથા પવિત્ર આત્માને નામે હું તને બાપ્તિસ્મા આપુછું, આમેન.

ત્યાર પછી બધાં ઘુંટણીએ પડીને ઉપદેશક નીચે પ્રમાણે પ્રાર્થના કરશેઃ

હે અપાર દયાળુ પરમેશ્વર, સર્વ વિશ્વાસુ સંતાનના બાપ, મહેરબાની કરીને આ બાળકને સમજ શક્તિનું મન ને પવિત્ર અંતઃકરણ આપ. તું તારી દયાથી તેને જુવાનીના જોખમ, પરિક્ષણ, તથા અજ્ઞાનથી બચાવ, એ માટે કે તે મુર્ખાઈમાં ને શરીરની છુપી ગએલી કુઈચ્છાઓના સંકટમાં ન પડે. અમે તારી વિનંતિ કરીએછીએ કે તું તેની જીંદગીની વર્તણુક એમ ચલાવ કે સારી કેલવણી, તથા પવિત નમુનાઓ તથા તારી અટકાવવાની ને નવીન કરણની કૃપાથી તે પોતાની આખી જીંદગી સુધી તારી સેવા કરવાને વિશ્વાસુ મન પામે;એ કારણ માટે કે આ જીંદગીમાં તારો મહિમા તથા આ દુનિયાંમાં મંડળીની સેવા કર્યા પછી તે તારા સનાતન રાજ્યમાં પ્રવેશ પામે. અમારા પ્રભુ ઈશુ ખ્રિસ્તની મારફતે માગીએછીએ. આમેન.

સર્વ શકતીવાન તથા દયાવાન બાપ, તું તારી કૃપા તથા દયા આ બાલકનાં માબાપ [**અથવા વાલીઓ**] તારા દાસ **તથા** દાસીઓપર ઉત્તરે. અમે તારી વિનંતિ કરીએછીએ કે તું તારો પવિત્ર આત્મા તેઓને આપ, એ માટે કે તેઓ ઈબ્રાહિમની પડે પરમેશ્વરનો હુકમ પાલવાને પોતાના ઘરનાંને આજ્ઞા આપે, તેઓની વર્તણુંક તું ચલાવ, અને તેઓનું અંતઃકરણ, શબ્દો, તથા ઇરાદાઓ તું પવિત્ર કર, એ માટે કે તેઓનું

આખુ કુટુંબ આપણા પ્રભુ ઈશુ ખ્રિસ્તની સાથે વિશ્વાસ, આજ્ઞાકિત-પણું, તથા ધાર્મીકપણામાં જોડાએલાં થાય, અને કે તેઓ બધાં દત્તક-પુત્રપણા તથા કૃપાથી આ જીવનમાં તારાં છોકરાં છતાં આકાશના પહેલા જન્મેલાની મંડળીમાં દાખલ થાય. તારો વહાલો પુત્ર અમારો તારનાર પ્રભુ ઈશુ ખ્રિસ્તના પુણ્યને લીધે માગીએછીએ. આમેન.

પછી ઉપદેશક આ પ્રસંગે પોતાની ઈચ્છા પ્રમાણેની પ્રાર્થના કરેઃ

પછી બધાં ઘુંટણીએ પડીને કહેશેઃ

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો જેમ આકાશમાં તેમ પૃથવી પર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ. અને જેમ અમે અમારા ઋણીઓને માફ કરીએછીએ તેમ તું અમારાં ઋણો અમને માફ કર. અને અમને પરિક્ષણમાં નલાવ પણ ભુંડાથી અમાને છુટકો કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

પુખ્ત ઉમ્મરના માણસોને બાપ્તિસ્મા આપવાની રીત.

ઉપદેશક કહેશે કેઃ

ઓ વાહાલાઓ, સર્વ માણસ પાપમાં ગર્ભ ધરાએલા તથા જન્મેલા છે; ને જે દેહથી જન્મેલું તે દેહ છે, ને જેઓ દૈહિક છે તેઓ દેવને પ્રસન્ન કરી શકતાં નથી, પણ પાપમાં રહીને ઘણાં ખરાં પાપો કર્યાં

કરેછે; અને આપણો તારનાર ખ્રિસ્ત કહેછે કે, જો માણસ પાણીથી તથા આત્માથી જનમ્યું ન હોય તો દેવના રાજ્યમાં તે જઈ શકતું નથી. એ કારણ માટે હું વિનંતિ કરૂંછું કે તમે, પ્રભુ ઈશુ ખ્રિસ્તની મારફતે, પરમેશ્વર બાપની પ્રાર્થના કરો કે, જે આશીર્વાદો આ માણસોને સ્વભાવથી મળી શકતા નથી, એ તે તેની ઉદાર કૃપાથી તેઓને આપે; અને એવું કરે કે તેઓનું બાપ્તિસ્મા પાણીથી થઇને પવિત્ર આત્માથી પણ થાય, ને ખ્રિસ્તની પવિત્ર મંડળીમાં દાખલ થઇને તેમાં જીવતા સભાસદો રહે.

ત્યારે ઉપદેશક કહશે:

આપણે પ્રાર્થના કરીએ.

હે પરમ સમર્થ ને સનાતન દેવ, ગરજવંતનો મદદગાર, ને જે તારી પાસે આશ્રય માટે આવેછે તેનો સહાય કરનાર, ને જેઓ વિશ્વાસ કરેછે તેઓનું જીવન અને મુએલાઓનું પુનરૂત્થાન. અમે આ માણસોને માટે વિનંતિ કરીએછીએ કે તેઓ તારૂં પવિત્ર બાપ્તિસ્મા પામવાને આવતાં તારા પવિત્ર આત્માથી પણ ભરપુર થાય. હે દેવ તેઓને અંગીકાર કર, જેમ તેં તારા વાહાલા દીકરાને લીધે વચન આપ્યું છે કે, "માગો તો તમને આપાશે; શોધો, તો તમને જડશે; ઠોકો, તો તમારે સારૂ ઉઘડાશે;" તેમ અમે જે હમણાં માગીએછીએ, અમને આપ; ને અમે જે શોધીએછીએ, અમને જડવા દે; ને અમે જે ઠોકીએછીએ, અમારે સારૂ બારણું ઉઘાડ; એ કારણ માટે કે, આ માણસો તારે આકાશી સ્નાનનો સર્વકાળીક આશીર્વાદ ભોગવશે અને જે સનાતનરાજ્યનું વચન તેં આપ્યું છે તેમાં તેઓ પ્રવેશ કરે,—પ્રભુ ઈશુ ખ્રિસ્તની મારફતે માગીએછીએ. આમેન.

ત્યારે લોકો ઉભા થાય અને ઉપદેશક કહેશે:

યોહાનની સુવાર્ત્તામાં લખેલી વાત સાંભળો. [યો ૩. ૧.–૮.]

" ફરોશીઓમાંનો નીકોદેમસ નામે એક જણ યહુદીઓનો અધિકારી હતો. તેણે રાત્રે ઈશુની પાસે આવીને તેને કહ્યું કે, રાબી, અમે જાણીએછીએ કે તું દેવની પાસેથી આવેલો ઉપદેશક છે, કેમકે જે ચમત્કારો તું કરેછે તેઓ જો કોઈ માણસની સાથે દેવ ન હોય તો તે કરી નહિ શકે. ઈશુએ ઉત્તર આપતાં કહ્યું કે, હું તમને ખચીત ખચીત કહુંછું, જો માણસ ફરીથી ન જનમ્યો હોય, તો દેવના રાજયને તે જોઈ શકતો નથી. નીકોદેમસ તેને કહેછે કે, માણસ ઘરડો થઇને જન્મ કેમ પામી શકે ? તે શું ફરીથી પોતાની માના પેટમાં પેસીને જન્મ લઈ શકે છે ? ઈશુએ ઉત્તર આપ્યું કે, હું તને ખચીત કહુંછું, જો માણસ પાણીથી તથા આત્માથી જનમ્યું ન હોય. તો દેવના રાજ્યમાં તે જઈ શકતું નથી. દેહથી જે જન્મેલું, તે દેહ છે; ને જે આત્માથી જન્મેલું તે આત્મા છે. મેં તને કહ્યું કે, તમારે ફરીથી જન્મ પામવો જોઈએ, એથી અચરત ન થા. વા જ્યાં ચાહેછે ત્યાં વાયછે, ને તું તેનો અવાજ સાંભળે છે, પણ તે કયાંથી આવેછે, ને કયાં જાય છે, એ તું નથી જાણતો, હરેક જે આત્માથી જન્મેલો તે તેવોજ છે."

ત્યાર પછી બાતિપસ્મા લેનાર માણસોને ઉપદેશક આ પ્રમાણે કહેશે:

ઓ વાહાલાઓ,—તમે બાતિપસ્મા પામવા માટે ર્હાં આવ્યા છો; અને આ મંડળીએ કેવી રીતે, પ્રાર્થના કરી છે કે આપણા પ્રભુ ઈશુ ખ્રિસ્ત પોતાની કૃપાથી તમારો અંગીકાર કરે, ને તમને આશીર્વાદ, અને આ-

કાશી રાજ્ય ને અનંત જીવન આપે, તે બધું તમે સાંભળ્યું છે. અને જેને માટે આપણે માગ્યું છે, તે બધુ આપવાનું વચન આપણા પ્રભુ ઇશું ખ્રિસ્તે પોતાના પવિત્ર શાસ્ત્રમાં આપ્યું છે, અને આ વચનો તે નક્કી પરીપૂર્ણ કરશે. હવે ખ્રિસ્તે એ વચન આપ્યું છે, તે કારણ માટે તમારે પણ પોતે ખરા મનથી આ મળેલી મંડળીની સામા એવું વચન આપવું જોઇએ કે હું શેતાન તથા તેનાં સર્વ કામો તજી દઇશ, ને હમેશા પરમેશ્વરના વચન પર વિશ્વાસ રાખીશ, ને તેની આ-જ્ઞાઓ આજ્ઞાધીનપણાથી પાળીશ

પછી ઉપદેશક દરેક બાપ્તિસ્મા લેનારાને સવાલ કરશે કેઃ

સવાલ.— શેતાન તથા તેનાં સર્વ કામો; ને દુનિયાનો વ્યર્થ દમામ તથા મહિમા તથા તેની સર્વ લોભી, તથા દૈહિક કુઇચ્છાઓ. શું તમે એ બધાં તજી દેઓછો, એટલે કે તમે તેઓની પાછળ ન ચાલશો ને તેઓથી ન દોરાશો.?

જવાબ.— હું સર્વેનો ત્યાગ કરૂંછું.

સવાલ.— સર્વ સમર્થ પરમેશ્વર બાપ, આકાશ પૃથ્વીનો કર્તા અને ઇશુ ખ્રીસ્ત તેનો એકાકી જનિત દીકરો આપણો પ્રભુ, જે પવિત્રાત્માથી ગર્ભે રહ્યો, મરીયમ કુંવારીથી જન્મ્યો, પોંતીઅસ પીલાતની હકૂમતમાં દુઃખ વેઠયું; વધસ્તંભે જડાયો, મુઓ, તથા દટાયો; તે ત્રીજે દહાડે મુએલામાંથી ઉઠયો; તે આકાશમાં ચઢી ગયો, ને સર્વ સમર્થ પરમેશ્વર બાપને જમણે હાથે બેસે છે; ત્યાંથી તે જીવતાઓનો તથા મુએલાનો ન્યાય ઠરાવવા સારૂ આવશે,— શું તમે તે બધાં પર વિશ્વાસ કરોછો ?

વળી પવિત્ર આત્મા, પવિત્ર સાર્વત્રિક મંડળી, પવિત્રોનો સત્સંગ, પાપોની માફી, શરીરનું પુનરૂત્થાન, તથા અનંત જીવન;—શું તમે આ બધાં માનોછો ?

જવાબ.— આ બધાને હું દૃઢતાથી માનુંછું.

સવાલ,— શું તમે આ વિશ્વાસમાં બાપ્તિસ્મા પામવા ચાહોછો ?

જવાબ.— હા; એવી મારી ઇચ્છા છે.

સવાલ.— શું તમે આજ્ઞાધીનતાથી પરમેશ્વરની પવિત્ર ઇચ્છાઓ ને તેની આજ્ઞાઓ પાળશો; અને આખી જીંદગી સુધી આપ્રમાણે ચાલશો ?

જવાબ.— હું પરમેશ્વરની મદદથી આ પ્રમાણે ચાલવાને કોશીશ કરીશ.

ત્યારે ઉપદેશક આ પ્રાર્થના કરશેઃ

હે દયાળુ પરમેશ્વર એવું કર કે આ માણસોમાંથી સર્વ દૈહિક વાસના ટળી જાય અને સર્વ પવિત્ર આત્માની વાતો તેઓમાં પેદા થાય અને વૃદ્ધિ પામે, આમેન.

એવું કર કે શેતાન, દુનિયા તથા દેહની સામા વિજય તથા જીત પામવાને સારૂ, તેઓને શકિત તથા બળ મળે. આમેન.

હે સ્તુતિકારક પ્રભુ પરમેશ્વર, જે હમેશાં જીવેછે અને સઘળાપર અધિકાર કરેછે, તારી દયાથી તું એવું કર કે જે કોઈ અમારાં કામ તથા સેવાથી તને અર્પણ થાયછે, તેઓ આકાશી ગુણ ને સદાકાળનો લાભ પામે. આમેન.

હે સર્વ શકિતમાન તથા સદા જીવતો પરમેશ્વર, જેનો વાહાલો દીકરો ઇશુ ખ્રિસ્તે પોતાની મહા મૂલ્યવાન કુખથી પાણી તથા લોહી

અમારા પાપોની માફી થાય માટે વેહેવડાવ્યું; ને પોતાના શિષ્યોને હુકમ આપ્યો કે તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો; બાપ, તથા દીકરો તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપો, તું અમારી પ્રાર્થના સાંભળીને અમારી વિનંતિ કબુલ કર, અને એવું કર કે આ માણસો જેઓનું બાપ્તિસ્મા હમણાં થવાનું છે તેઓ તારી પરીપૂર્ણ કૃપા પામે, અને હમેશા તારા વિશ્વાસુ અને પસંદ કરેલા દીકરાની સંખ્યામાં રહે, અમારા પ્રભુ ઇશુ ખ્રિસ્તને લીધે. આમેન.

પછી ઉપદેશક જે માણસોનું બાપ્તિસ્મા થવાનું છે તેઓનાં નામ પુછે; ને તેઓના પર પાણી છાંટશે અથવા જો તે માણસની એવી ઈચ્છા હોય તો તેને પાણીમાં બોળશે અને કહેશેઃ

બાપ, દીકરો તથા પવિત્ર આત્માને નામે હું તમને બાપ્તિસ્મા આપુછું, આમેન.

ત્યાર પછી બધાં ઘુંટણ ટેકીને પ્રભુની પ્રાર્થના કરશેઃ

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથવી પર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ. અને જેમ અમે અમારા ઋણીઓને માફ કરીએછીએ તેમ તું અમારા ઋણો અમને માફ કર. અને અમને પરીક્ષણમાં ન લાવ, પણ ભુંડાઇથી અમારો છુટકો કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

ત્યાર પછી ઉપદેશકની મરજી હોય તે મોઢેની પ્રાર્થના કરશે પછી સમાપ્ત કરશે.

લગ્ન વિષે.

લગ્ન કરવાની રીત.

મરજી પ્રમાણે કૌંસમાં લખેલા ભાગ કામમાં લાવે અથવા ન લાવે.

લગ્ન કરવાના ઠરાવેલા દિવસે તથા વખતે જે માણુસોનું લગ્ન થવાનું છે તેઓ પહેલાં દેશના કાયદા પ્રમાણે અધિકાર લઈને તેઓ ઉભા છતાં પુરૂષ જમણે હાથે તથા સ્ત્રી ડાબે હાથે—ઊપદેશક કહેશે:

ઓ ઘણા વહાલાઓ, આપણે પરમેશ્વરની હજુરમાં અને આ શાક્ષીઓની સમક્ષ આ પુરૂષને અને આ સ્ત્રીને એક બીજાની સાથે પવિત્ર લગ્નમાં જોડવાને માટે ત્યાં ભેગાં થએલાં છીએ.

વળી ખ્રિસ્તે ગાલીલના કાનામાં આ પવિત્ર સ્થિતિ પોતાની હાજરી તથા પહેલા કરેલા ચમત્કારથી શોભા તથા પ્રતિષ્ટા આપી. અને પ્રેરિત પાઊલે વખાણ કરીને કહેછે કે, લગ્ન કરવું એ સર્વ માણસોને વાસ્તે માનયોગ્ય છે. એ કારણ માટે કોઈ માણસે અવિચારથી નહિ પણ આદરયુકત ને ચોકસાઇથી અને પરમેશ્વરની બિહીક રાખીને આ સ્થિતિની ફરજો લેવી.

આ બે માણસો જે ત્યાં હાજર છે, તેઓ લગ્નની આ પવિત્ર અવસ્થામાં જોડાવા માટે આવ્યાં છે. એ માટે જો કોઈ કંઈ કારણ દેખાડી શકે જેણે કરીને એઓનું લગ્ન ઉચિત્ત રીતે ન થાય, તો તે હમણાં કહે, નહિ તો હવે પછી હમેશાં ચુપ રહે.

ત્યારે પછી ઉપદેશક જેઓ લગ્ન કરવાને આવ્યાં છે તેઓને પણ એ કહેશે કે:

હું તમને ગંભીરતાથી આજ્ઞા કરૂં છું કે જો તમારા બન્નમાંનું એક કંઇ અટકાવ જાણતું હોય જેને લીધે તમારૂં લગ્ન ઉચિત રીતે ન થઈ શકે એમ હોય તો તમે તે હમણાં કબુલ કરો; કારણ કે તમારી ખાતરી થવી જોઇએ કે જો કોઈનું લગ્ન પરમેશ્વરની આજ્ઞા વિરૂધ્ધ થાયછે, તેઓ પરમેશ્વરથી જોડાય નહિ અને તેઓનું લગ્ન ઉચિત્ત નથી.

(જો કોઈ કંઈ કંઈ અટકાવ ન લાવ તો ઉપદેશક પુરૂષને એ કહેશે કે)

અ......શું, તમે આ સ્ત્રીને પોતાની પરણેલી પત્ની થવાને માટે અંગીકાર કરોછો એ માટે કે તમે તેની સાથે પરમેશ્વરના નિયમ પ્રમાણે લગ્નના પવિત્ર સ્થિતિમાં રહેશો? શું તમે મંદવાડમાં ને તંદુરૂસ્તીમાં તેને પ્યાર કરશો; દિલાસો અને માન આપશો, તથા તેનું પોષણ કરશો; અને બીજાનું ત્યાગ કરીને જ્યાં લગી તમ બન્ને જીવતાં રહેશો; ત્યાં લગી એનીજ સાથે રહેશો?

ત્યારે પુરૂષ આ જવાબ આપશે:

હા; હું એમજ કરીશ.

આ...... શું, તમે આ પુરૂષને પોતાનો પરણેલો પતિ થવાને માટે અંગીકાર કરોછો, એ માટે કે તમે તેની સાથે પરમેશ્વરના નિયમ, પ્રમાણે લગ્નની પવિત્ર સ્થિતિમાં રહેશો? અને તમે મંદવાડમાં અને તંદુરૂસ્તીમાં તેને પ્યાર કરશો, માન આપશો તથા સંભાળશો અને બીજાનું ત્યાગ કરીને જ્યાં લગી તમ બન્ને જીવતાં રહેશો ત્યાં લગી એ-નીજ સાથે રહેશો.

ત્યારે સ્ત્રિ આ જવાબ આપશેઃ

હા; હું એમજ કરીશ.

ત્યારે ઉપદેશક પુરૂષને કહેશે કે સ્ત્રિનો જમણો હાથ પોતાના જમણાં હાથથી પકડી લો ને પુરૂષ ઉપદેશકની આગળો એ કહેશે કે.

હું......તને...... ને, પરમેશ્વરના નિયમ પ્રમાણે પોતાની પરણેલી ધણીઆણી કરી લઉંછું, ને આજ દિવસથી મરણ આપણ બન્નેને જુદાં પાડશે, ત્યાં સુધી ભલું કે ભુંડું, સંપતિ કે વિપતિ મંદવાડ કે તંદુરૂસ્તીમાં તારી સાથે મળીને રહીશ, તારાપર પ્રીતિ કરીશ, ને તારી સંભાળ લઇશ; અને એ કરવાને હું તને મારૂં ગંભીર વચન આપુછું.

ત્યારે બન્ને પોતાના હાથ છોડી દઈને સ્ત્રિ પુરૂષનો જમણો હાથ પોતાના જમણા હાથથી પકડી લઇ તેવીજ રીતે ઉપદેશકની પાછળ એ કહેશે કેઃ

હું...... તેને...... ને, પરમેશ્વરના નિયમ પ્રમાણે પોતાનો પરણેલે ધણી કરી લઉંછું, ને આજ દિવસથી મરણ આપણ બન્નેને જુદ પાડશે, ત્યાં સુધી ભલું કે ભુંડું, સંપતિ કે વિપતિ મંદવાડ કે તંદુરૂસ્તીમાં તારી સાથે મળીને રહીશ, ને તારાપર પ્રીતિ કરીશ, ને તારા સંભાળ કરીશ; અને એ કરવા મોટે હું તને મારૂ ગંભીર વચન આપુંચુ.

ત્યારે ઉપદેશક એ પ્રમાણે પ્રાર્થના કરશેઃ

હે સનાતન દેવ, સર્વ માણસના સૃજનાર, ને રક્ષણ કરનાર, સર્વ આત્મિક કૃપાદાનનો દેનાર, અનંત જીવનનું કારણ, તું તારા આ સેવકો, એટલે આ પુરૂષ તથા આ સ્ત્રિ જેઓને અમે તારા નામથી આશીર્વાદ દઇએછીએ તેઓપર તારો આશીર્વાદ પણ મોકલ, અને એમ

કર કે, જેમ ઇસહાક તથા રીબકા પરસ્પર વિશ્વાસ કરીને જીવ્યાં, તેમજ આ બન્ને જે વચન ને કરાર બન્નેની વચ્ચે કબુલ કર્યા તે તેઓ ખરે ખરા પાળે, ને પુરા કરે તથા હમેશાં પૂર્ણ પ્રીતિ ને શાંતિમાં સાથે રહે અને તારા નિયમ પ્રમાણે જીંદગીના દહાડા કાઢે. અમારા પ્રભુ ઇશુ ખ્રિસ્તને લીધે, આમેન.

ત્યાર પછી ઉપદેશક એઓના જમણા હાથ મેળવશે અને કહેશે કે:

જેમકે......એ, અને...... એ, આ પવિત્ર વિવાહમાં પરસ્પર એક મત કર્યા છે આ વાત વિષે બન્નેએ પરમેશ્વરની અને આ મંડળીની સન્મુખ સાક્ષી આપી અને એક બીજાએ વિશ્વાસથી એ કરાર પ્રગટ કર્યા છે, એ માટે હું બાપ, પુત્ર, તથા પવિત્ર આત્માને નામે તેઓને ધણી અને ધણીઆણી કરી કહુંછું. જેઓને પરમેશ્વરે જોડ્યાં છે તેઓ-ને કોઇ માણસ જુદાં પાડે નહિ. આમેન.

પછી ઉપદેશક આશીર્વાદ આપશે:

પરમેશ્વર, બાપ, પુત્ર અને પવિત્ર આત્મા તમોને આશીર્વાદ આપે, તમારૂં રક્ષણ કરે અને તમોને સંભાળે, પ્રભુ પરમેશ્વર કૃપા કરીને ત-મારા પર રહેમ નજર કરે અને તમોને સર્વ આત્મિક આશિષ તથા અનુગ્રહથી પરીપૂર્ણ કરે એ માટે તમે આ જીંદગીમાં એવા રહે કે પર-લોકમાં અનંત જીવનનો વારસો પામો.

ત્યારે ઉપદેશક નીચે પ્રમાણે પ્રાર્થના કરશે:

હે ઇબ્રાહિમનો દેવ તથા ઇસાહકના દેવ તથા યાકુબના દેવ. આ પુરૂષને તથા આ સ્ત્રિને આશિષ આપ, અને એઓનાં હૃદયમાં અનંતા જીવનનું બી વાવ, એ માટે કે તારા પવિત્ર વચનોથી પોતાના લાભને

માટે તેઓ શિખીને સમજે, તે પ્રમાણે ચાલે, હે પરમેશ્વર એઓપરે આકાશમાંથી કૃપાદૃષ્ટિ કરીને તેઓને આશીર્વાદ આપ;—જેમ તેં ઇબ્રાહિમ અને સારાને મોટો દિલાસાને માટે આશીર્વાદ આપ્યો, તેજ પ્રમાણે કૃપા કરીને આ પુરૂષ અને આ સ્ત્રિને પણ એ કારણ માટે તારા આશીર્વાદો આપ કે, તેઓ તારી ઇચ્છા પ્રમાણે ચાલતાં તારા રક્ષણમાં સહીસલામતમાં રહેતાં પોતાની જીંદગીભર તારા પ્રેમમાં રહે. અમારા પ્રભુ ઇશુ ખ્રિસ્તને લીધે.

સર્વ સમર્થ પરમેશ્વર જે આરંભમાં અમારાં પહેલાં માબાપ આદમ તથા હવાને ઉત્પન્ન કર્યાં અને તેઓને પવિત્ર કરીને લગ્નમાં જોડયાં ને તું આ બન્ને ઉપર પણ તારી કૃપાની સંપત રેડ, તેઓને પાવન સુ સુખી કર એ માટે કે તેઓ પોતે તન મનમાં તને પ્રસન્ન કરે અને તેઓ પવિત્ર પ્રીતિમાં સાથે જીંદગાની ગુજારે.

પછી ઉપદેશક પ્રભુની પ્રાર્થના કરે:

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો; જેમ આકાશમાં તેમ પૃથ્વિ પર તારી ઇચ્છા પુરી થાઓ; દિવસની અમારી રોટલી આજ અમને આપ, અને જેમ અમે અમારા રૂણીઓને માફ કરીએછીએ તેમ તું અમારાં રૂણ અમને માફ કર. અને અમને પરિક્ષાણુમાં ન લાવ પણ ભુંડાઇથી અમારો છુટકો કર કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

મુડદાને દાટવા વિષે.

ઉપદેશક મુડદાની આગળ ચાલીને કહેશેઃ

પુનરૂત્થાન તથા જીવન હું છું; જે મારાપર વિશ્વાસ કરેછે, તે જો કે મુઓ હોય તો પણ જીવતો થશે. અને જે કોઇ જીવતાં મારા પર વિશ્વાસ કરેછે, તે કદી નહિજ મરશે. યો. ૧૧. ૨૫, ૨૬.

ને હું જાણુંછું કે મારો ખંડીલેનાર જીવેછે; ને આખરે પૃથ્વીપર ઉભો રહેશે ને જો મારા શરીરને કીડાઓ નષ્ટ કરશે; તો પણ મારા માંસથી હું પ્રભુને જોઇશ, જેને હું પોતાને સારૂ જોવાનો છું; ને મારી આંખો તેને જોશે ને પારકી નહિ. અયુબ ૧૯. ૨૫–૨૭.

આપણે આ જગતમાં કંઈ લાવ્યા નથી ને તેમાંથી કંઈ લે જવાના નથી. પ્રભુએ દીધું, ને પ્રભુએ લીધું છે, પ્રભુનું નામ સ્તુતિ માન્ય થાઓ. ૧ તી. ૬. ૭; અયુબ ૧. ૨૧.

ઘરમાં અથવા દેવલમાં નીચે લખેલાં એક અથવા બન્ને ગીતો અથવા પવિત્ર લેખમાંનું કોઈ યોગ્ય લેખ વાંચેઃ

ગીત ૩૯.

મેં કહ્યું, હું પોતાના માર્ગોને સંભાળીશ; કે મારી જીભે હું પાપ ન કરૂં,
હું મારૂં મુખ બંદ રાખિશ જાંહાં સુધી દુષ્ટો મારી સામા છે.
હું છાનાપણાથી ચુપ રહ્યોઃ ભલાથી પણ છાનો રહ્યો, ૨
ને મારો ખેદ ચહડાઈ ગયો.
મારી અંદર મારૂં હૃદય ઉત્તમ થયું. ૩
મારા ધ્યાન રાખતાં, અગ્નિ સલગ્યો; મારી જીભે હું બોલ્યો.

હે પ્રભુ, મારો અંત મને જણાવ; ને મારા દિવસોનું પરિણામ, એ શું? ૪
કે મને કેટલું ઓછું છે, તે હું જાણું.
જો, તે મારા દિવસ ચારાંગલ જેવા કિધા છે, ૫
ને મારૂં વય તારી સામા શૂન્યના જેવું છે,
નિશ્ચય સર્વ સ્થાપિત માણસ વ્યર્થ છે.
નિશ્ચય પ્રત્યેક માણસ પ્રતિમાએ ચાલેછે; નિશ્ચય તેઓ વૃથા ધબરાઇ જાએછે, ૬
તે સંગ્રહ કરેછે, ને કોણ તેને સંઘરે, એ જાણતો નથી.
ને હવે હે પ્રભુ, હું શાની વાટ જોઊં? તારી ભણીજ મારી અપેક્ષા છે. ૭
મારાં સર્વ ઉલ્લંઘનોથી મારો છુટકો કર; મને મૂર્ખોનું અપમાન-પાત્ર ન કર. ૮
હું છાનો હતો; મારૂં મુખ ઉઘાડીશ નહીં; કેમકે તેં કિધું હતું. ૯
તારૂં પીડાપાત મારાથી દૂર કર, તારા હાથના ધક્કાથી હું ખાઈ જાઊંછું. ૧૦
માણસને તેના અન્યાયીપણા પર ધમકાવ્યાથી, ૧૧
તૂં કીડાના જેવો તેની શોભાનો ક્ષય કરેછે.
નિશ્ચય સર્વ માણસ વ્યર્થ છે. સિલાહ.

હે પ્રભુ, મારી પ્રાર્થના સાંભલ; ને મારી હાંકને કાન ધર, ૧૨
મારાં આંસુઓ પર તૂં છાનો ન રહે.
કેમકે હું તારી સાથે પારકો છું ને પ્રવાસી, જેવા મારા સર્વ પિતરો હતા
હું જાઊં, ને ન હોઊં એની અગાઉ, મારી ક્ષમા કર. કે બલ પામું.

ગીત ૯૦.

હે ધણી, પેઢી દરપેઢી તૂં અમારો આશ્રા છે.

પર્વતો ઉત્પન્ન થયાની, ને તેં પૃથ્વીને તથા જગતને રચ્યાંની
અગાઉ, ૨
અનાદિકાલથી અનંતકાલ સુધી તૂં દેવ છે.

તૂં માણસને નમ્રતામાં પાછા પાડેછે; ને કેહેછે, આદમપુત્રો પાછા વલો. ૩
કેમકે તારી દૃષ્ટિમાં હજાર વર્ષો ગયા દિવસના જેવાં છે, કેમ
તે વિત્યો છે, ૪
ને રાતમાંના પોહોરના જેવાં.
તૂં તેમને બુડાવેછે; તેઓ નિદ્રા છે, ૫
સકાલમાં તે ઘાસનાં જેવું તે બદલાએછે.
સકાલમાં તે ખીલેછે, તથા બદલાએછે, ૬
સંધ્યાકાલે તે કપાએછે તથા ચિમલાએછે.
કેમકે તારા કોપથી અમારો ક્ષય થાએછે; ને તારા રોષથી અમને
ત્રાસ લાગેછે. ૭
તેં તારી સન્મુખ અમારા અન્યાય મુકયા છે,
ને અમારાં ગુપ્ત કર્મ તારા મુખના અજવાલામાં. ૮
કેમકે અમારા સર્વ દિવસ તારે રોષે વિતીજાએછે, ૯
અમે અમારાં વર્ષો વિચારના જેવાં સમાપ્ત કરિએછિએ.
અમારાં વર્ષોના દિવસ એઓમાં સિતેર વર્ષ છે, ૧૦
ને જો પરાક્રમથી "તેઓ" એંશી વર્ષ હોએ, તો તેઓ વધારે શ્રમ
તથા વ્યર્થપણું છે,
કેમકે તે વેહેલું કપાએછે; ને અમે ઉડી જૈએછિએ.
તારા કોપના બલને કોણ જાણેછે? ને જેવો તારો ત્રાસ, તેવો
તારો રોષ. ૧૧

અમારા દિવસ ગણવાને શિખવ, ને અમે અમારાં હૃદય જ્ઞાનને
લગાડિશું. ૧૨
પાછો આવ, હે પ્રભુ કાંહાં સુધી? ને તારા સેવકો વિષે તૂ.
અનુતાપ કર. ૧૩
સકાલમાં તારી કૃપાથી અમને તૃપ્ત કર, ૧૪
ને અમે અમારા સર્વ દિવસ ઉત્સાહ તથા આનંદ કરિશું
જે દિવસ તેં અમને લીન કિધાં; ને અમે ભુંડું જોયું, તે પ્રમાણે
અમને આનંદ આપ. ૧૫
તારા સેવકોને તારાં કૃત્ય જોવાએ; ને તેઓના સંતાનને તારૂં સન્માન. ૧૬
ને અમારા પર પ્રભુ અમારા દેવની પ્રસન્નતા થાય, ૧૭
તૂં અમારા હાથોના કામ અમારા પર સિદ્ધ કર,
ને અમારા હાથોના કામ તૂંજ સિદ્ધ કર.

ત્યાર પછી આ લેખ વાચેઃ-

૧ કરીંથી. ૧૫. ૪૧—૫૮.

સૂર્યનો મહિમા જુદો, ને ચંદ્રનો મહિમા જુદો, ને તારાઓનો મહિમા જુદો, કેમકે મહિમાએ તારા તારામાં ફેર છે. અને મુએલાંઓનું પુનરૂત્થાન પણ એવું છે; વિનાશમાં તે વવાયછે, અવિનાશમાં ઉઠડાયછે- અપમાનમાં વવાયછે, મહિમામાં ઉઠડાયછે; અબળપણામાં વવાયછે, પરાક્રમમાં ઉઠડાયછે. પ્રાંણી શરીર વવાયછે, આત્મિક શરીર ઉઠડાયછે; પ્રાણી શરીર તો છે, ને આત્મિક શરીર છે. અને એમજ લખ્યું છે કે, "પહેલો માણસ આદમ જીવતો પ્રાણી થયો," છેલ્લો આદમ જીવાડનાર

આત્મા થયો. પણ આત્મિક પહેલું ન હતું, પણ પ્રાણી ને પછી આત્મિક. પહેલો માણસ પૃથ્વીથી ધૂળનો છે, બીજો માણસ આકાશથી પ્રભુ છે. જે ધૂળનો તે જેવો છે તેવા જેઓ ધૂળના તેઓ પણ છે; ને જે આકાશી તે જેવો છે તેવા જેઓ આકાશી તેઓ પણ છે. અને જેમ આપણે ધૂળનાની પ્રતિમા ધરી છે, તેમ આકાશીની પ્રતિમા પણ ધરીશું.

હવે ભાઇઓ, હું એ કહું, કે માંસ તથા રક્ત દેવના રાજ્યના વારસ થઇ શકતાં નથી; ને વિનાશપણું અવિનાશીપણાનો વારસ થતું નથી. જુઓ, હું તમને મર્મ કહુંછું; આપણે સહુ ઉંઘીશું નહિ, પણ એક ક્ષણમાં, એક પલકભરમાં, છેલ્લા રણસીંગડાના વાગતામાં સર્વ બદલાઇ જઇશું; કેમકે રણસીંગડું વાગશે, ને મુએલાં અવિનાશી ઉઠડાશે, ને આપણે બદલાઇશું. કેમકે આ વિનાશીને અવિનાશીપણું પહેરવું તથા આ મરનારને અમરપણું પહેરવું પડેછે. અને જ્યારે આ વિનાશી અવિનાશીપણું પહેરશે, ને આ મરનાર અમરપણું પહેરશે, ત્યારે આ લખેલી વાત પુરી થશે કે, "મરણ જયમાં ગળાઇ ગયું છે." અરે મરણ, તારો જય ક્યાં? અરે મરણ, તારો ડંખ ક્યાં? મરણનો ડંખ તો પાપ છે; ને પાપનું સામર્થ્ય નિયમ છે; પણ દેવ જે આપણા પ્રભુ ઇશુ ખ્રીસ્તને આશ્રે આપણને જય આપેછે, તેની સ્તુતિ થાઓ. એ માટે, મારા પ્રિય ભાઇઓ, તમે સ્થિર તથા દૃઢ તથા પ્રભુના કામમાં સદા વધતા જાઓ, કેમકે તમે જાણોછો કે તમારૂં કામ પ્રભુમાં નિસ્ફળ નથી.

કબરની પાસે મુડદું કબરમાં મુક્યા પછી, ઉપદેશક કહેશે:

માણસ જે બાયડીથી જન્મેલું છે, તે થોડા દિવસનું તથા કષ્ટથી ભરપૂર છે, તે ફુલના જેવું નિકળે છે, તથા કપાય છે; તે છાયાના જેવું નાસેછે; તે ટકી રહેતું નથી.

જીંદગી મધ્યે અમે મરણમાં છિએ તેથી હે પરમેશ્વર તુજ વિના અમે કોણની પાસે મદદને માટે જઈએ, તું જે અમારા અપરાધને લીધે અપ્રસન્ન છે. તો પણ હે અતિ પવિત્ર પ્રભુ પરમેશ્વર, સર્વ શક્તિવાન ઈશ્વર, પવિત્ર ને દયાસાગર તારનાર અમને સર્વકાળિક મરણની દુઃખદાયક પીડામાં ન સોંપ.

પ્રભુ તું અમારા હૃદયોના મર્મ જાણેછે; તારી દયાનો કાન અમારી પ્રાર્થનાથી બંધ ન રાખ પણ અમારૂં રક્ષણ કર, હે પવિત્ર પરમેશ્વર સર્વ શક્તિવાન ઈશ્વર, હે પવિત્ર ને દયાસાગર તારનાર, હે અતિ ઉત્તમ સનાતન ન્યાયાધીશ, અમારા અંતકાળે મરણના કોઈ દુઃખને લીધે અમને તારી પાસેથી વેગળા ન પડવા દે.

કબરની પાસે કોઈ ઉભા રહેલાં માણસો મુડદાં પર માટી નાખશે, ને તેવામાં ઉપદેશક કહેશેઃ

સર્વ શક્તિવાન દેવ પોતાની દીર્ઘદ્રષ્ટ દયાભાવમાં આ મરણ પામેલા શકસના આત્માને જગતમાંથી લેવાને માટે રાજી થયો છે. એ કારણ માટે આપણે છેલ્લે દહાડેના પુનરૂથાન ને આવતી દુનિયાની જીંદગી, ઈશુ ખ્રિસ્ત આપણા તારનારને લીધે વાટ જોતાં, તેનું શરીર ભુમીને સોંપીએછીએ એટલે માટી માટીને, ધુળ ધુળને, તથા રાખ રાખને, કેમકે જ્યારે ઈશુ ખ્રિસ્ત પોતાના સ્તુત્ય મહિમામાં જગતનો ન્યાય કરવા ફરીથી આવશે, તે વખતે પૃથ્વી અને સમુદ્ર તેઓમાં જે મુડદાંઓ છે તેઓને તેઓ સોંપી દેશે; અને જે મહાન સામર્થ્યથી સઘળાં પોતાને સ્વાધીન કરી શકેછે, તે પ્રમાણે જેઓ ખ્રિસ્તમાં ઉંઘી ગએલાં છે તેઓનાં નાશવંત શરીરોને બદલશે, કે તે પોતાના મહિમાના શરીર સરખું થાય.

ત્યાર પછી કેહેવામાં આવશેઃ

અને આકાશથી એક વાણી એમ કહેતી મેં સાંભળી કે, તું એમ લખ, હમણાથી જે મરનારાઓ પ્રભુમાં મરણ પાંમેછે, તેઓને ધન્ય છે; આત્મા કહેછે હાં, એ માટે કે તેઓ પોતાની મહેનતથી વિશ્રામો પામે; કેમકે તેઓનાં કામ તેઓની પાછળ આવશે.

ત્યાર પછી ઉપદેશક કહેશેઃ

ઉપદેશક—પ્રભુ, અમારા પર દયા કર,

લોકો—ખ્રીસ્ત, અમારા પર દયા કર,

ઉપદેશક—પ્રભુ અમારા પર દયા કર.

ત્યાર પછી ઉપદેશકની મરજી હોય તે નીચેની પ્રાર્થના કરશે.

સર્વ શકિતવાન ઇશ્વર, જેનીસાથે જેઓ પ્રભુમાં મરણ પામેછે તેઓના આત્માઓ વસેછે, અને જેની સાથ આ દુખના બોજાઓથી મુક્ત પામ્યા બાદ સર્વ વિશ્વાસુના આત્મા ખુશી અને આરામ ભોગવે છે: વિશ્વાસમાં પોતાની ફરજો અદા કર્યા બાદ જે તારા સર્વ દાસો હમનાં પોતાના કષ્ટોનો આરામ ભોગવે છે તેમના દાખલાઓ જોઇ અમે તારો મોટો આભાર માનીએ છીએ, અમે તારી વિનંતિ કરીએ છીએ કે જે લોકો તારા પવિત્ર નામના ખરા વિશ્વાસમાં સ્વર્ગવાસી થયાછે અમને તેઓની સાથે તારા અનંતકાળના તથા સર્વકાળના મહીમામાં અમારા શારીરની અને આત્માની સંપૂર્ણતા તથા પરમસુખ પ્રાપ્ત થાય, ઇશુ ખ્રિસ્ત અમારા પ્રભુને આસરે, આમેન.

પ્રાર્થના.

હે કૃપાળુ ઇશ્વિર અમારા પ્રભુ ઈશુ ખ્રિસ્તના બાપ, જે પુનરૂત્થાન તથા જીવન છે, અને જેના ઉપર જે કોઇ વિશ્વાશ રાખેછે તે મરવાં છતાં જીવશે, અને જે કોઇ જીવતો છે અને તેના ઉપર વિશ્વાસ કરે છે તે કદી સર્વકાળનું મરણ નહીં ભોગવશે, હે બાપ, અમે નમરાતાથી તારી વિનંતી કરીએ છીએ કે પાપના મરણમાંથી અમને ન્યાયકરણની જીંદગીમાં સજીવણ કર કે જ્યારે આ જીંદગી અમે છોડીએ તે વેળા તેનામાં વિસામો પામીએ; અને સેવટના ન્યાયના દિવસે તારી નજરમાં આવકાર પુરવક જણાઇએ, અને જે આશીર્વાદ તારો પ્રીયા પુત્ર તે વેળા જેઓ તને ચાહે છે અને તારાથી બીહેછે તે સર્વને આપશે કે, " મારા બાપના આશિર્વાદિતો તમે આવો, જે રાજ્યા જગતનો પાયો નાખયા અગાઉ તમારે સારૂ તૈયાર કીધેલું છે તેના વારસો લો," તે આશીર્વાદ અમને મળે. હે દયાવંત ઇશ્વર, અમારા મધ્યસ્થ અને તારનાર ઈસુ ખ્રીસ્તને નામે અમે માગીએ છીએ તે માન્ય કર, આમેન.

ઓ આકાશમાંના અમારા બાપ, તારૂં નામ પવિત્ર મનાઓ; તારૂં રાજ્ય આવો. જેમ આકાશમાં તેમ પૃથવી પર તારી ઇચ્છા પુરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપ. અને જેમ અમે અમારા રૂણીઓને માફ કરીએછીએ તેમ તું અમારાં રૂણ અમને માફ કર. અને અમને પરિક્ષણમાં ન લાવ પણ ભુંડાઇથી અમને છુટકો કર. કેમકે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તારાં છે. આમેન.

આપણા પ્રભુ ઈશુ ખ્રીસ્તની કૃપા, તથા દેવની પ્રીતી, તથા પવિત્ર આત્માની સંગત સર્વકાળ સુધી આપણી સાથે થાય, આમેન.